નં.જીઆઇડીસી/જમે(વિતરણ)/વિતરણ/
પોલિસી/૨૪(૪)/૨૦
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
તા. ૨૫ - ૦૯ - ૨૦૦૮

## //પરિપત્ર//

વિષયઃ- સત્તાની પુનઃ સોંપણી બાબત.
સંદર્ભઃ-પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭ તા.૩૧–૦૫–૨૦૦૮.

નિગમની જુદી જુદી ઔધોગિક વસાહતોમા આવેલ પ્લોટ, શેડ, વાણિજય પ્લોટ અને અન્ય મિલકતોની વિતરણની નીતિ/પધ્ધતિમાં સરળીકરણ કરવામાં આવેલ છે અને તે વિષય ઉપર પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭ તા.૩૧-૦૫-૨૦૦૮ ના રોજ પરિપત્રિત કરવામાં આવેલ છે. વિતરણની નીતિમાં સરળીકરણના એક ભાગરૂપે ઓન લાઇન એપ્લીકેશન નિગમ દ્વારા તા.૦૧-૧૧-૨૦૦૮ થી અમલ કરવામાં આવશે.

જેમા ૫૦૦૦ ચો.મી.થી ૫૦,૦૦૦ ચો.મી.ના પ્લોટોની ફાળવણી ઓન લાઇન એપ્લીકેશન માધ્યમથી કાર્યવાહી કરવા અંગે નિર્ણય લીધેલ છે અને તે મુજબ ઓન લાઇન એપ્લીકેશનના કિસ્સાઓમાં જનરલ મેનેજરશ્રી (વિતરણ), નાયબ મુખ્ય ઇજનેરશ્રી અને નાયબ મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કમિટી જરૂરી વિસ્તારની મંજુરી આપશે. જે મંજુરી આપ્યા બાદ જે તેને ફાળવણી કરવા અંગેની તમામ કાર્યવાહી ક્ષેત્રિય કચેરીના પ્રાદેશિક મેનેજરશ્રી અને વિભાગીય પ્રબંધકશ્રીએ કરવાની રહેશે.

વધુમાં ૫૦૦૦ ચો.મી.થી નીચેના પ્લોટ/શેડનું વિતરણ નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર કરવાનું રહેશે. સદર પરિપત્રનો અમલ તા.૦૧-૧૧-૨૦૦૮ થી કરવાનો રહેશે. સદર પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ............
નકલ રવાના.

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.

રવાના કર્યુ.
AM Att-I
૨૫/૯/૦૮
મેનેજર(મહેકમ)